# ભાવ સંવેદનાઓની ગંગોત્રી

– શ્રીરામ શર્મા આચાર્ય

# ભાવ સંવેદનાઓની ગંગોત્રી

લેખક

પં. શ્રીરામ શર્મા આચાર્ય

પ્રાપ્તિ સ્થાન

યુગ નિર્માણ યોજના, મથુરા

શાખા : અમદાવાદ

પાટીદાર સોસાયટી, જૂના વાડજ,

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

ફોન નં-(079) 27557252

૨૦૦૮ કિં : રૂા. ૬.૦૦

# અનુક્રમણિકા


| | | પાન નંબર |
|---|---|---|
| ૧. | વેદ વ્યાસની અંતરવ્યથા | ૩ |
| ૨. | દેવર્ષિની સાચી સલાહ | ૬ |
| ૩. | અંતર્દષ્ટિ જાગી - ચૈતન્ય બની ગયા | ૮ |
| ૪. | જાગૃત સંવેદનાએ નારી ચેતનાને જાગૃત કરી | ૧૨ |
| ૫. | સક્રિય સમર્પણ કેવું હોય ? | ૧૪ |
| ૬. | સંકલ્પ જાગ્યો તો નિષ્ઠુર પણ બદલાયો | ૧૬ |
| ૭. | સંવેદના શાંતિથી બેસવા નથી દેતી | ૨૨ |
| ૮. | જ્યારે અંતરમાં જવાળા ભભૂકી ઊઠી ત્યારે | ૨૬ |
| ૯. | સંવેદનાની દિવ્ય દષ્ટિ | ૩૦ |

# વેદ વ્યાસની અંતરવ્યથા

"આપના ચહેરા પર વિષાદ કેમ છે ?" આવનારે સરસ્વતી નદીના કિનારે, આશ્રમની પાસે બેઠેલા મનીષીના મુખમંડળ પર છવાયેલા ભાવોને જોતાં પૂછ્યું. તેઓ પાછલા કેટલાક દિવસોથી વ્યથિત હતા. કલાકોના કલાકો સુધી વિચાર મગ્ન અવસ્થામાં રહેવું, શૂન્યની તરફ જોતા રહેવું, તેમની સામાન્ય દિનચર્યા બની ગઈ હતી. આજે પણ કંઈક આવી જ રીતે બેઠા હતા.

આવનારના પ્રશ્નથી તેમની વિચારધારા તૂટી "અરે ! દેવર્ષિ આપ!" મુખમંડળ પર આશ્ચર્ય અને પ્રસન્નતાથી ભરેલા ભાવો દેખાયા.

"પણ આપ વ્યથિત કેમ છો ?" બાજુમાં પડેલા આસન પર બેસતા તેમણે કહ્યું,- પીડા નિવારકને પીડા, વૈદ્યને રોગ ? કેવી વિચિત્ર વાત છે?"

"વિચિત્રતા નહીં વિવશતા કહો. આને તે અંતરવ્યથાના સ્વરૂપે સમજો, જે પીડા નિવારકની સામે પડેલા પીડિતોને જોઈને, એમનાં કષ્ટો દૂર કરવામાં નિષ્ફળતા મળવાના કારણે થાય છે. વૈદ્યને તે પીડા ત્યારે થાય છે, જ્યારે તે સામે પડેલા રોગીને સાજા કરવામાં નિષ્ફળ નીવડે છે."

ક્ષણિક રોકાઈને તેમણે લાંબો શ્વાસ લીધો અને ફરીથી બોલ્યા,"વ્યક્તિ અને સમાજનાં રૂપમાં મનુષ્ય આજે સન્નિપાતના રોગથી પીડાય છે. ક્યારેક હસે છે, કૂદે છે, તો ક્યારેક અહંકારના મદમાં અકડાઈને ચાલે છે. પરસ્પરનો વિશ્વાસ ગુમાવવાથી આચાર-વિચારનું સ્તર કેવી રીતે જળવાઈ રહે છે ? જે કંઈ થોડું ઘણું દેખાય છે તે તો અવશેષોનો માત્ર દેખાવ જ છે." "અને પરિવાર..." આટલું કહ્યું ત્યાં તેમના મુખ પર એક આછા હાસ્યની રેખા દેખાઈ. નજર ઊંચી કરીને સામે બેઠેલા દેવર્ષિ તરફ જોયું. "એમની તો વધુ કરુણ દશા છે. એમનામાં મોહ રહ્યો છે, પ્રેમ મરી પરવાર્યો છે. મોહ પણ ત્યાં સુધી, જ્યાં સુધી સ્વાર્થ સધાય. લગ્ન થયા પછી સંતાનો મા-બાપનો ત્યાગ કરે છે. સમગ્ર રીતિ-નીતિ વિપરિત છે; ઊભેલાને પાડવો, પડેલાને કચડવો, કચડાયેલાને છૂંદી નાખવો એટલું જ બાકી રહ્યું છે. આજે મનુષ્ય અને પશુ વચ્ચે

આચાર-વિચારની દૃષ્ટિએ ભેદ નથી, પરંતુ આકૃતિની દૃષ્ટિએ રહ્યો છે." આટલું કહેતાં કહેતાં તો ઋષીનો ચહેરો વિવશ બની ગયો. જેમ તેમ કરીને ભાવોને રોકતાં ખૂબ ધીરેથી કહ્યું,

"દેવતા બનવા જઈ રહેલો મનુષ્ય પશુ કરતાં પણ હલકી કોટિનો બની ગયો છે."

"મહર્ષિ વ્યાસ-આપ તો વિદ્વાનોના મુકટમણિ છો. આપે પ્રયત્ન કર્યો નથી." આવું કંઈ વિચારતાં દેવર્ષિ બોલ્યા.

"પ્રયાસ ! .. પ્રયાસ કર્યા વિના તો કેવી રીતે જીવતો રહી શકું. ખોવાઈ ગયેલી માનવતાને માર્ગ બતાવવા માટે જેઓ પ્રયત્ન નથી કરતા, હાથમાં હાથ ધરીને જેઓ બેઠા છે, પોતાની બૌદ્ધિકતાના અહંકારથી પીડાય છે, તેઓને મનીષી કહેવડાવવાનો અરે, જીવતા રહેવાનો પણ હક નથી."

"કેવા પ્રકારના પ્રયત્નો કર્યા ?"

"માનવીય બુદ્ધિના શુદ્ધિકરણ માટેનો પ્રયત્ન. આ માટે વૈદિક મંત્રોનું પુનઃ વર્ગીકરણ કર્યું. કર્મકાંડોના સ્વરૂપમાં ફેરફાર કર્યા, જેથી મંત્રોમાં રહેલા ભાવોને ગ્રહણ કરવામાં સરળતા રહે, પણ ..."

"પણ શું ?"

"મૂળ તત્ત્વને છોડીને લોકો ફક્ત કર્મકાંડોના કલેવરને પકડીને જ બેસી ગયા. વેદ, અધ્યયનની જગ્યાએ પૂજાની વસ્તુ બની ગયા. પૂજા સુધી વાત મર્યાદિત રહી હોત ત્યાં સુધી તો ઠીક. પણ વેદોની ખોટી ખરી વ્યાખ્યાઓ કરી, ગમે તેવું તેનું અર્થઘટન કરી, જાતિ-ભેદની દીવાલો ચણી દેવામાં આવી."

"પછી" ?

"પુરાણોની રચના કરી-જેની પાછળનો ઉદ્દેશ હતો કે વેદોમાં છૂપાયેલા જ્ઞાનને, સત્ય અને સદ્‌વિચારોને, કથાઓના માધ્યમથી પ્રત્યેક વ્યક્તિના ગળે ઉતારી શકાય. પરિણામે બૌદ્ધિકતાનો ઉન્માદ શમે.. પરંતુ..."

"પરંતુ શું ?"

"આ પ્રયત્ન પણ આંશિક સફળ થયો. સહયોગીઓએ સ્મૃતિઓની

રચના કરી, પરંતુ એ બધી બુદ્ધિમાન લોકોની આજીવિકાનાં સાધન બની ગઈ. પ્રત્યેક વ્યક્તિના માનસનું પરિવર્તન કરવાનું અભિયાન પૂરું થઈ શક્યું નહીં. બુદ્ધિ સુધરી નહીં, અહંકાર ગયો નહીં, પરિણામ એ આવ્યું કે મહાભારતના યુદ્ધના ઉન્માદ રૂપે પરિસ્થિતિ સામે આવીને ઊભી રહી. વિજ્ઞાન ધનનું ગુલામ બની ગયું અને ધન દુર્બુદ્ધિના હાથની કઠપૂતળી બની ગયું, તમામ સાધનો આ બેની આગળ પાછળ નાચતાં રહ્યાં. પોતાની જાતને જ્ઞાની, બુદ્ધિમાન, વિદ્વાન અને બળવાન સમજનારાઓ, બધા જ દુર્બુદ્ધિના દાસ સાબિત થયા. પણ હું એકલો ચાલતો રહ્યો. પ્રયત્નોમાં જરાય શિથિલતા આવવા ન દીધી." મહર્ષિના સ્વરમાં ઉત્સાહ હતો અને દેવર્ષિના ચહેરા પર ઉત્સુકતા મલકાતી હતી.

થોડીવાર અટકીને બોલ્યા, "મહાભારતની રચના કરી, માનવીય દુષ્કૃત્યોની બિભિત્સતાનું ચિત્રણ કર્યું. સત્કર્મોનો રસ્તો બતાવ્યો. માનવ જેનો સહારો લઈને સુધરી શકે તેવું તમામ શોધીને તેની સામે મૂક્યું. બુદ્ધિ કંઈક શીખે પણ પરિણામ શૂન્ય આવ્યું."

"તો શું પ્રયત્ન છોડી દીધો, મહર્ષિ ?" દેવર્ષિ બોલ્યા. "ના, પ્રયત્નોથી દૂર શા માટે થાઉ ? કર્તવ્યનિષ્ઠાનું જ બીજું નામ મનુષ્યતા છે. એક મનીષીનું જે કર્તવ્ય છે તેને અંતિમ શ્વાસ સુધી અવિરત નિભાવતો રહીશ."

"ખરેખર આ જ નિષ્ઠા છે ?"

"હા, તો 'મહાભારત'નો પ્રભાવ ન જણાતાં, એવું વિચાર્યું કે આટલા મોટા વિશાળ ગ્રંથને લોકો સમયના અભાવે કેવી રીતે વાંચી શકે ? આથી બ્રહ્મસૂત્રની રચના કરી. જીવન જીવવાનાં આવશ્યક તત્ત્વોને સરળ સૂત્રોમાં ગૂંથ્યાં. એકતા અને સમતાનું મહત્ત્વ દર્શાવ્યું. એક જ પરમ કૃપાળુ પરમેશ્વર બધામાં સમાયેલો છે, ભાઈચારાની ભાવના બધામાં વિદ્યમાન છે, આવું કહીને પોતાને દિવ્ય બનાવવા માટે, પોતાનો ઉદ્ધાર કરવા માટેની પ્રેરણા આપી. પણ હાય રે માનવીય બુદ્ધિ! તેં ગ્રહણશીલતા તો શીખી જ નથી. આ પર પંડિતાઈના અભિમાનમાં અંધ બનેલાઓએ દુર્બુદ્ધિની કળાનો ઉપયોગ કરીને વિવિધ પ્રકારનાં ભાષ્ય લખવાનું શરું

કરી દીધું, શાસ્ત્રાર્થની રમત રમવી શરૂ કરી દીધી. જીવન જીવવાના સૂત્રોનો આ ગ્રંથ માત્ર અખાડો બનીને રહ્યો."

"હવે ફરીથી સમાધાનની શોધમાં છું. અંર્તવ્યથાનું કારણ એ નથી કે મારા પ્રયત્નો અસફળ રહ્યા, પરંતુ માનવની દુર્મતિજન્ય દુર્ગતિ જોઈ શકાતી નથી. અંદર અસહ્ય બેચેની છે, પણ શું કરું ? રસ્તો જણાતો નથી." આમ કહીને તેઓ આશાભરી નજરે દેવર્ષિ સામે જોવા લાગ્યા.

## દેવર્ષિની સાચી સલાહ

"સમાધાન છે."

"શું ?" અવાજ ઉલ્લાસપૂર્ણ હતો, જાણે કે સૃષ્ટિનો સમગ્ર વૈભવ ન મળી ગયો હોય.

"ભાવ સંવેદનાઓનું જાગરણ". આને બીજા શબ્દોમાં સૂતેલા આત્માનું જાગરણ પણ કહી શકાય.

"આને વધારે સ્પષ્ટ કરો તો ?"

"આપે માનવ જીવનની વિકૃતિને તો ઓળખી, હવે પ્રકૃતિને વધારે ગંભીરતાથી ઓળખવા પ્રયત્ન કરો. નિદાન મળી જશે."

"પ્રકૃતિ શું છે ?"

"મનુષ્યના તમામ ક્રિયા-કલાપો અહંકારજન્ય છે અને બુદ્ધિ, મન, ઈન્દ્રિઓ વગેરે સૌ બિચારાં તેનાં ગુલામ છે. માનવી સત્તાનું કેન્દ્ર આત્મા છે. આ પરમાત્મ સત્તા એટલે સરસતા, સક્રિયતા તથા ઉન્નત ભાવોના સમૂહનો અંશ છે. આત્માનુ જાગરણ એટલે ઉન્નત ભાવો, દિવ્ય સંવેદનાઓનું જાગરણ. ફક્ત જાગૃતિ જ નહીં, પણ શ્રેષ્ઠ કાર્યો માટે-દિવ્ય જીવન માટે સક્રિયતા."

"પરંતુ ભાવ તો ખૂબ જ નાજૂક હોય છે." મહર્ષિના અવાજમાં વ્યથા હતી.

"નહીં-આ ભાવો, એકી સાથે કોમળ અને કઠોર બંને છે.

સત્પ્રવૃત્તિઓ માટે ફૂલ જેવા કોમળ સુગંધ ફેલાવનાર અને દુષ્પ્રવૃત્તિઓ માટે વજ્ર જેવા કઠોર, એક જ આઘાતમાં કચ્ચરઘાણ વાળી

દેનાર. ભાવ સંવેદના જાગૃત થતાં જ તેનો પહેલો પ્રહાર અહંકાર પર થાય છે. તે તૂટતાંની સાથે જ મન અને બુદ્ધિ આત્માના અનુગામી બની જાય છે. ત્યારે મન ઉન્નત કલ્પનાઓ કરે છે, બુદ્ધિ હિતકારક સમાધાન વિચારે છે. ભાવ સંવેદનાઓનું જાગરણ જ એકમાત્ર સાધન છે. ફક્ત વ્યક્તિનું જ નહીં સમસ્ત માનવ જાતનુ. મન અને બુદ્ધિ બંનેને કુમાર્ગના રસ્તેથી વાળીને, સન્માર્ગ પર જોડવાની ક્ષમતા માત્ર ભાવ સંવેદનાઓમાં જ છે."

"પણ માનવીય બુદ્ધિ ખૂબ વિચિત્ર છે. ક્યાંય ભાવોના બદલે નિંદાને ભડકાવી ન મૂકે."

"મહર્ષિ તમારી શંકા નિરાધાર નથી, પરંતુ એનાથી ગભરાઈ જઈને પાછા પડવું તે યોગ્ય નથી. ફક્ત જરૂર છે સાવધાન થવાની અને જાગૃત રહેવાની. ભાવ કર્મોન્મુખ હશે. લોકકલ્યાણ હેતુ ભાવસંવેદનાનું આહ્વાન કરવામાં આવશે. ભાવનાના અમૃતને સદ્‌વિચારોના પાત્રમાં ભરવામાં આવશે. વિવેકની ચાળણીથી તેને ચાળવામાં આવશે, તો પરિણામ સુખદાયક હશે. લેખન દ્વારા લોકોમાં પ્રાણ ફૂંકો, જનમાનસના મર્મને એવી રીતે સ્પર્શ કરો કે દરેકમાં રહેલી સંવેદના અને સદાશયતા ફફડી ઊઠે. આત્મચેતના અકળાઈને બોલી ઊઠે."

નત્વહં કામયે રાજ્યમ્, ન સૌખ્યં નાપુર્તભવમ્'
કામયે દુઃખ તપ્તાનાં, પ્રાણીનાં આર્તનાશનમ્"

"લોક સમુદાયનો આત્મા હજુ મર્યો નથી, મૂર્છિત જ થયો છે. આ મૂર્છિત લક્ષ્મણને સચેત કરવા, સત્કર્મ માટે તત્પર કરવા તથા રામકાર્યમાં જોડવા માટે સંજીવની લાવવી પડશે. આ સંજીવની છે-ભાવ સંવેદના. આપ આપી શકશો ? અંધારું ગમે તેટલું ગાઢ કેમ ન હોય? આત્માના દિવ્ય ભાવોનો પ્રકાશ તેને ભેદી નાખવામાં સમર્થ બની શકે તેમ છે."

"ભાવ ચેતનાનું જાગરણ થતાં જ મનુષ્ય પુનઃ એકવાર સાબિત કરી દેશે કે તે ઈશ્વરનો પુત્ર છે. દિવ્ય જીવન જીવવા તે સક્ષમ છે. તે ધરતીનો દેવતા છે અને ધરતીને 'સ્વર્ગાદપિ ગરીયસી' બનાવી શકે છે. પરંતુ....?" કહીને દેવર્ષિએ મહર્ષિની સામે જોયું.

"પરંતુ શું ?" વ્યાસના ચહેરા પર દૃઢતા હતી.

"વેદ વ્યાસની આપના દ્વારા નિર્મિત સંજીવનીને જન જન સુધી પહોંચાડવા માટે આપના શિષ્ટ સમુદાયને જોડાવું પડશે. પ્રત્યેક વ્યક્તિમાં ભાવના જગાડવા માટે પ્રથમ આપના શિષ્યોમાં એ ભાવના ભરી વાયુની જેમ દરેક દિશામાં, દરેક ક્ષેત્રમાં પહોંચાડવી પડશે. આપના દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલ સુગંધને પ્રત્યેક વ્યક્તિના હૃદય સુધી પહોંચાડો. આ કાર્યને યુગધર્મ અને યુગયજ્ઞ માનીને ચાલશો ત્યારે સફળતા સંભવિત બનશે.

"શિષ્ય સમુદાય પોતાનું સર્વસ્વ હોમી દઈને પણ યુગ પરિવર્તનનો યજ્ઞ પૂરો કરશે." મહર્ષિના શબ્દોમાં વિશ્વાસ હતો.

"તો માનવ જીવનને દિવ્ય બનાવવામાં અને આજની પરિસ્થિતિઓને બદલવામાં વિલંબ નહીં થાય".

દેવર્ષિ મંદ મંદ હસ્યા.

"સમાધાન મળી ગયું" ભાવ વિહ્વળ સ્વરમાં વેદવ્યાસે દેવર્ષિને મસ્તક નમાવ્યું. તેઓ યુગની ભાગવત રચવામાં તથા શિષ્યોના માધ્યમથી તેને જન જન સુધી પહોંચાડવામાં લાગી ગયા.

અરે નારદ ! નારદ તો બીજા અનેક લોકોની સંવેદનાઓને જગાડવા અને તેઓનું સમાધાન કરવા ચાલતા થાય.

## અંતર્દૃષ્ટિ જાગી-ચૈતન્ય બની ગયા

સમસ્યાઓ અનેક છે. વિગ્રહો, સંકટો, મુશ્કેલીઓ વગેરે એટલી વિકટ છે કે, તેને દૂરથી જોનારાઓનું તો મગજ જ કામ ન કરે. પરંતુ જેમને અંતર્દૃષ્ટિ મળી છે તેઓ ખૂબ જ સરળતાથી સમજી શકે છે કે આ બધાનું મૂળ નિષ્ઠુરતા છે. આ મૂળને કાપવાથી જ સમસ્યાઓ દૂર થઈ શકે તેમ છે. વિશ્વંભર મિશ્રને આ અંતર્દૃષ્ટિ મળી અને તેઓ ચૈતન્ય બની ગયા.

તે સમયે તેઓ ગયાજી ધામ આવ્યા હતા. નિમાઈની સાથે તેમને પણ કીર્તિ પણ મળી. તેમને જોતાં જ લોકો કહેતા,- અરે, આ તો નવદ્વિપના એ જ નિમાઈ છે, જેની પંડિતાઈ આગળ સમસ્ત બંગાળ ઝૂકે

છે. હમણાં જ તેઓએ કાશ્મીરના પંડિતોને એવા તો પરાજિત કર્યા કે તેમને નાસી જવું પડયું. શાસ્ત્રમાં તેમની બરોબરી કરી શકે તેવો કોઈ નથી. જેટલાં મોઢાં તેટલી વાતો. નિમાઈ આ બધાંની વચ્ચે એકરસ હતા. પ્રશંસકોની ખુશામત, નિંદકોની નિંદા વગેરે પ્રસિદ્ધિની ટોચ કક્ષાએ પહોંચેલી વ્યક્તિની મૂડી હોય છે. બીજો કોઈ આનાથી વધારે આપી પણ શું શકે ?

ગયા ધામમાં રહેતા સંત ઈશ્વરપુરીએ પણ આ બધી વાતો જાણી. સાંભળેલી વાતો મોટે ભાગે અતિશયોક્તિથી ભરેલી હોય છે, છતાં તેમણે વિચાર્યું કે આવા માણસ પાસે પોતાની પ્રતિભા તો હશે જ. જો આ પ્રતિભા ભાવ શ્રદ્ધાની સાથે જોડાઈ જાય તો ? આ વિચારથી તેઓ ત્યાં જવા વિવશ થયા. રસ્તામાં તેઓ વિચારતા રહ્યા હતા, "આ વ્યક્તિ લોકોનાં જીવન સુધારવાની સાથે અનેકોનું માર્ગદર્શન કરતો રહેશે. પ્રતિભા શરીર તથા મનની ચરમ સક્રિયતા છે. ભાવશ્રદ્ધા સાથે ન જોડાવાને કારણે તે અહંકારની ચાકરી કરે છે અને અહંને પોષવાનું તેમજ વિલાસિતા અને વૈભવનાં સાધનો એકત્ર કરવાનું કામ કરે છે. પણ જો ઉન્નત ભાવો જોડાય તો તે સમગ્ર સ્થિતિ જ બદલાઈ જાય છે. પછી તો અંદરની તડપ તથા બેચેની તેને "સર્વજન હિતાય-સર્વજન સુખાય" માટે ક્રિયાશીલ બનવા વિવશ કરે છે."

રસ્તામાં આ જ ચિંતન ચાલતું રહ્યું અને ક્યારે તેમના મુકામ પાસે આવી ગયા તેની ખબર પણ ન પડી. એક જણને પૂછ્યું, "શું બંગાળના નિમાઈ અહીં ઉતર્યા છે ?" જવાબ મળ્યો, "બાજુના સ્થાનમાં છે." અંદર જઈને જોયું તો એક ગૌરવર્ણનો યુવાન શાસ્ત્રચર્ચા કરી રહ્યો છે. તેઓ પણ જઈને એક ખૂણામાં બેસી ગયા. શાસ્ત્રચર્ચા ચાલતી રહી. ચર્ચા સમાપ્ત થતાં બધા જતા રહ્યા. ચર્ચા કરી રહેલ યુવકે તેમની તરફ જોઈને પૂછ્યું-

"આપનું પ્રયોજન ?"

"એક જિજ્ઞાસા છે."

"કહો".

"શું સાચે જ આપ શાસ્ત્રોનો અર્થ જાણો છો ?"

"સાંભળનારનું હૃદય હાલી ઊઠયું. પૂછ્યું "શો હેતુ છે ?"

"ખોટું ન લગાડશો-મારો કહેવાનો અર્થ એ છે કે આપની આ વ્યાખ્યાઓ માત્ર બુદ્ધિનું કૌશલ્ય છે કે પછી આપની અનુભૂતિઓ પણ આની સાથે જોડાયેલ છે ?" સાંભળનાર ચૂપ હતો. આજે પહેલીવાર તેની બુદ્ધિને કોઈએ ચોટ મારી હતી.

ઘોરી, ગજની, ઐબક વગેરેએ ભારતભૂમિને કચડી નાખવામાં કંઈજ કમી રાખી નથી. બખત્યારના અત્યાચારોએ સમગ્ર બંગાળને મસળી નાખ્યું હતું. આજે મનુષ્યે આત્મવિશ્વાસ ખોઈ નાખ્યો છે. તે ભૂલી ગયો છે કે તે પણ કંઈક સારું કરી શકે છે. બીજાની અનીતિ અને અત્યાચારો જોઈને તેણે સ્વીકારવાનું શરૂ કરી દીધું. આવી હાલતમાં માત્ર વાક્છટામાં જ કૌશલ્ય સમજાય છે. શું આ વિડંબના નથી ?" સંતના ઉદ્ગારો વાણી દ્વારા સરી પડયા.

ગૌરવર્ણના યુવકે અનુભવ્યું કે- આ વાક્ય રચના માત્ર એક સાથે ગૂંથવામાં આવેલા વજનદાર શબ્દો નથી, પરંતુ તેની પાછળ સંતની પીડા છે-વ્યથા છે. શબ્દોએ તેના હૃદયને હચમચાવી દીધું. શ્મશાનમાં બળતી લાશને જોઈને બીજાઓને પોતાનું મૃત્યુ યાદ આવી જતું હોય છે. લગ્નની તૈયારી જોઈને, તેનો સરસામાન જોઈને રંગરાગ સૂઝે છે. બસ, આ જ રીતે જેઓના અંતરમાં માનવતા માટે અનુકંપા છે, જેનું હૃદય માનવતા માટે પોકારી ઉઠે છે, તેઓ જ બીજાઓમાં આવી ભાવના જન્માવી શકે છે. યુવકની આંખો ઉપર બંધાયેલ જુઠી પંડિતાઈના પડળ ખરી પડયાં. તેને કહેવા વિવશ થવું પડયું-" આપ બરોબર કહો છો, પણ આનો ઉપાય શું ?"

"મનુષ્યે પોતાની ખોવાઈ ગયેલી મનુષ્યતા શોધીને પાછી આપવી પડશે. તેના હૃદયને સ્પર્શવું પડશે. ભાવ ચેતના વગરનો મનુષ્ય જીવતો હોવા છતાં મડદા સમાન છે, જે ખુદ સડે છે અને વાતાવરણને ઘૃણાયુક્ત બનાવે છે. ભાવ-ચેતનાની હાજરીથી જ મનુષ્ય સમર્થ અને સુંદર બને છે. પીડા અને પતનના નિવારણ માટે દોડી જાય છે. મડદાનું શું ? તેમની

ઓળખાણ જ નિષ્ક્રિયતા અને નિષ્ઠુરતા છે. તેને તો પાસે બેઠેલા લોકોનું કરુણ રુદન પણ સંભળાતું નથી. આજે ચારે બાજુ આવા મડદાના ઢગલા જ જોવા મળે છે. શું આ બધાંને જીવતાં કરી શકશો?"

"કેવી રીતે ?"

"ભાવશ્રદ્ધા જગાડીને ?"

"પણ જ્યારે સમસ્યા બુદ્ધિગત છે, તો તેનું સમાધાન પણ બુદ્ધિજન્ય જ હોવું જોઈએ. લોઢું જ લોઢાને કાપે છે."

"સાચું કહો છો, પરંતુ ગરમ લોખંડને ઠંડું લોખંડ કાપે છે. દુર્બુદ્ધિ ગરમ અને દાહક લોઢા જેવી છે, તો ભાવ તેને પરિમાર્જિત, સુડોળ અને કામને યોગ્ય બનાવનાર શીતળ લોઢું છે. આજ એક માત્ર નિદાન છે."

નિમાઈ એક એક શબ્દને વાગોળી રહ્યા હતા. તેમના મુખમાંથી શબ્દો સરી પડયા, "આજે શાસ્ત્રોનો મર્મ સમજાયો. આજ સુધી હું મડદું હતો, આપે મને ચૈતન્ય બનાવી દીધો." ગુરુ ચરણરજ મસ્તક પર ચડાવી ગુરૂ-શિષ્ય બંનેનાં હૃદય ભાવ વિભોર બની ગયાં. હવે એકનું દર્દ, બીજાનું દર્દ બની ગયું હતું.

નદિયા પરત આવ્યા, તેમના જીવનનો કાયાકલ્પ જોઈ સૌને આશ્ચર્ય થયું-અરે આ શું ? એક દિવસ રસ્તામાં એક કોઢી જોયો જે ઉપેક્ષિત અને તિરસ્કૃત હતો. બધા મોં ફેરવીને ચાલ્યા જતા હતા. ચૈતન્યને ગુરુ વાણી યાદ આવી-"મડદાંને બીજાંનું રુદન સંભળાતું નથી, બીજાઓનાં દુઃખ દેખાતાં નથી." પ્રત્યક્ષને પ્રમાણની શું જરૂર છે ? વિશ્વાસ થયો. સાચે જ આ મરેલા છે. તેમણે કોઢીયાને બેઠો કર્યો, તેના ઘા ધોયા, દવા લગાવી. સેવા કાર્યની સાથે સાથે સંકીર્તન મંડળ રચવાનું શરૂ કર્યું, જેથી મડદાંમાં પ્રાણ ભરી શકાય. એક ચૈતન્યે અનેકોમાં ચેતનાનો સંચાર કર્યો. નિમાઈની સાથે નિતાઈ, શ્રીવાસ, ગદાધર જેવા અનેક માણસો આવી જોડાયા. શક સંવત ૧૪૫૫ સુધી તેમના પ્રયત્નો ચાલતા રહ્યા. ભાવશ્રદ્ધાના પ્રકાશમાં જ મનુષ્ય પોતાની મનુષ્યતા શોધી શકે છે એવું સૌને સ્વીકારવું પડયું.

ખોવાયેલી માનવતા મળી ગઈ. આવા લોકોની એક જ ઓળખાણ

છે, મનુષ્ય તે જ છે જે મનુષ્ય માટે મરે છે. આમ તો બધા જ મરે છે. પણ સમગ્ર જિંદગી દરમ્યાન ઈંટ, પથ્થર, કાંકરા અને કાગળના ટૂકડા એકત્ર કરીને તેમને ભૂત-પલીત કહીએ તો જરાય ખોટું નથી. આ સૌ સ્મશાન અને કબ્રસ્તાનમાં જગ્યાનો કબજો જમાવીને બેસી જાય છે અને ત્યાંથી આવતા-જતા લોકોને ડરાવીને ભગાડી મૂકે છે. ભલા ! મનુષ્ય આવી હરકતો શું કરવા કરે ? સંવેદના વિનાના લોકોની દશા ભૂત-પલીત જેવી છે, જ્યારે સંવેદનશીલ માણસોની સ્થિતિ જીવતા-જાગતા મનુષ્ય જેવી હોય છે. આમાંથી શાની પસંદગી કરવી તેનો આધાર આપણા પર છે.

## જાગૃત સંવેદનાએ નારી ચેતનાને જાગૃત કરી

મીરાએ જીવંત મનુષ્ય હોવાનું સ્વીકાર્યું અને દરેક કસોટીમાંથી પાર ઊતરી પોતાને સોનું સાબિત કરી શકી. તે ચિતોડની મહારાણી હતી. વૈભવ, પદ, અધિકાર, સન્માન આ બધું જ અને એથીયે વિશેષ જે કંઈ કહેવાય તે તમામ તેની પાસે હતું. ફક્ત એક જ વસ્તુની ખોટ હતી. માનવહિત માટે કંઈક કરી છૂટવાની છૂટ. ખોટી મર્યાદા, ખોટા રિવાજો અને રૂઢિગત પરંપરા વગેરેની આડ લઈને દિયર, નણંદ તથા સમગ્ર રાજપરિવાર તેના આત્માને ગૂંગળાવી દેવા તૈયાર હતાં. મીરા લોકક્રાંતિનું બીજ વાવે, નારી ચેતનાને જાગૃત કરવા માટે પ્રકાશ પૂંજ બનીને આગળ આવે તે સિવાય બધું જ તેમને સ્વીકાર્ય હતું.

પ્રેત અને મનુષ્યની વાતો ઉલટી છે. એકને અંધારું ગમે છે, બીજાને પ્રકાશ. એકને બીજાને કષ્ટ આપવાનું ગમે છે તો બીજાને લોકોને સહયોગ કરવાનું ગમે છે. પ્રેતના સમૂહમાં મનુષ્યને રહેવું ખૂબ જ કઠિન બાબત છે. એક બાજુ અવરોધ છે, તો બીજી બાજુ અંદરની તડપ, બેચેની અને વ્યાકુળતા છે. મીરા વ્યાકુળ હતી. તેના મન પર હજારો મણ વજન

હતું. તેને તો કોઈ અનુભવી જ સમજી શકતો હતો. તે મહેલોમાં રહીને વલખાં મારતી હતી. "ઘાયલ કી ગતિ ઘાયલ જાને કી જાણ ઘાયલ હોય, સૂલી ઉપર સેજ હમારી, કિસ વિધિ સોવણ હોય."

મીરાની બેચેની પરંપરાગત પ્રથાની જાળજંજાળમાં જકડાયેલા સમાજ માટે હતી. તેનું દુઃખ દર્દ સમસ્ત નારી જાતિનું હતું. કરુણા જાગી તો એની એક જ ઓળખાણ હોય છે, પોતાની જરૂરિયાતો ભૂલાઈ જાય અને બીજાની જરૂરિયાતો યાદ આવે. આ સિવાય તો કોઈ ઝાડની સૂકી ડાળને ચીરવી અને કોઈ ભોળા મનુષ્યના ઝીણા ઝીણા ટૂકડા કરવા બંને એક સમાન લાગે છે. પરંતુ તેનું હૃદય તો કરુણાથી ભરાયેલું હતું. બંધન તોડયાં, મહેલનો ત્યાગ કર્યો અને તે નીકળી પડી-ભાવોની સંજીવની લઈને અનેકોમાં પ્રાણ ફૂંકવા માટે.

તે દિવસોમાં તે ઘરથી બહાર હતી. ઘેર-ઘેર જઈને સૌને બતાવતી હતી કે દરેક ક્ષેત્રમાં સ્ત્રી અને પુરુષ સમાન છે. સ્ત્રીઓ તેને આશ્ચર્યભરી નજરે જોતી. એક દિવસ રાજસ્થાનની એક મહિલા કેસરબાઈએ મીરાને પૂછી લીધું, "બહેન ! આ પુરુષોનું કામ કેમ કરો છો ?"

"શું આ પુરુષોનું કામ છે ?"

"નહીં તો શું ?"

"સાચું પૂછો તો આજ સ્ત્રીઓનું કામ છે."

"કઈ રીતે ... ?"

"ભાવ શ્રદ્ધાનો ભંડાર નારીની વિશેષતા છે. તેમાં આપવાની પ્રવૃત્તિ છે. પરોપકારમાં સ્વાર્થોને ઠુકરાવી દેવા નારી માટે સ્વાભાવિક છે. આટલા માટે જ તે પોતાનો પ્રાણ આપીને બાળકને મોટું કરે છે. દુઃખો સહન કરીને કુટુંબને સંગઠિત બનાવી રાખે છે. આ વિચારને વધારે વ્યાપક બનાવવાની જરૂર છે.

"સાચું છે." કેસરબાઈને તથ્ય સમજાઈ ચૂક્યું હતું.

છળ-કપટ ચાલતાં રહ્યાં. સાપનો કરંડિયો, ઝેરનો પ્યાલો, બધા જ પ્રકારનાં કપટ અજમાવવામાં આવ્યાં. પણ દૈવી ચેતનાનું સંરક્ષણ આ

બધા કરતાં શક્તિશાળી છે. તેમને લખી મોકલાવ્યું-"થારી મારી ન મરું મેરો રાખ્યા હારા ઔર."

પ્રશ્ન એ નથી કે મીરાને કેટલી સફળતા મળી ? પીડાપતનના બંધનો તોડવા માટે અંતર બેચેન બને, પગ ક્રિયાશીલતા તરફ આગળ વધે, આ એટલી મોટી સફળતા છે કે બીજી હજારો સફળતાઓ તેના પર ન્યોછાવર છે.

સંવત ૧૬૩૦ સુધી તે જીવતી રહી. જીવતા રહેવાનો અર્થ અહીં શ્વાસ લેતા રહેતું તે નથી, પરંતુ તે દિપક સમાન છે, જે અનેક બુઝાતા જીવનોમાં નવજ્યોતિનો સંચાર કરતો રહે. ઘેર ઘેર જઈને પોતાની પીડા વહેંચતી રહી, પ્રત્યેક સમુદાયમાં એક તડપન પેદા કરવાનો પ્રયત્ન કરતી રહી.

## સક્રિય સમર્પણ કેવું હોય ?

તડપન પેદા થવી તેની નિશાની છે વિલાસિતાનો સંપૂર્ણ અંત. જીવનની રંગીલી મોજ-મસ્તી તેને કોઈપણ પ્રકારે ગમતી નથી. નવયુવતી આન્ડાલના હૃદયમાં આજ પ્રકારની ઉત્કંઠા જાગી. મા-બાપ અને સગાં-સંબંધી લગ્ન કરી લેવા માટે જબરજસ્તી કરતાં હતાં. તેણે પૂછ્યું, "લગ્ન શા માટે ?"

"ઘર વસાવવા માટે ... ?"

"તો શું અત્યારે ઘર વેરાન છે ?"

"વાત નવું ઘર વસાવવાની છે."

"તો શું વિવાહનો અર્થ છે નવું ઘર વસાવવું ?"

"હા ..."

"તો જ્યારે આટલાં ઘર ઉજ્જડ બની રહ્યાં છે, ખુદ ભગવાનનું ઘર તૂટી રહ્યું છે, ત્યારે નવું ઘર વસાવવાનું વિચારવું કેટલી મૂર્ખતા છે. જ્યારે વસાવવું જ છે તો પછી શા માટે તેને જ વ્યવસ્થિત અને પદ્ધતિસરનું ન બનાવવું ?"

ઘરવાળાઓની પાસે કોઈ જ જવાબ ન હતો. તેણે જાહેર કરી દીધું. ભગવાન જ માત્ર એક મારા પતિ છે.

ઘરના સભ્યોના મનમાં હજુ પણ તૂટીફૂટી આશા હતી કે કદાચ તે ઘરમાં બેસીને પૂજા-પાઠ કરશે.

પરંતુ ક્રાંતિકારીઓનું દરેક કદમ અનોખું હોય છે. તેણે ભક્તિના નવી વ્યાખ્યા આપી-સંસાર બીજું કશું જ નથી માત્ર પરમાત્માનું વિરાટ સ્વરૂપ છે. આત્મારૂપે તે દરેકમાં રહેલો છે. આત્મચેતનાને જગાડવી અને તે ભાવરૂપી ધનને અર્પણ કરવું એ જ ભક્તિ છે.

સમર્પણ નિષ્ક્રિય કેમ ? આત્મચેતનાની સઘન ભાવનાઓનો પ્રત્યેક અંશ, મનના બધા વિચારો, શરીરની પ્રત્યેક હરકત જ્યારે વિશ્વ ઉદ્યાનને સુખદ અને સુંદર બનાવવા માટે તત્પર બની જાય, ત્યારે સમજવું જોઈએ કે સમર્પણની ક્રિયા શરૂ થઈ.

એ સમય મધ્યકાળનું પ્રથમ ચરણ હતું. તેમણે પોતાના પ્રયત્નોથી અલવારોમાં નવી ચેતના ફૂંકી. સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરી દીધું, "ભક્ત તે છે, જેના માટે પ્રત્યેકનું દર્દ પોતાનું દર્દ હોય અન્યથા તે વિભક્ત છે-ભગવાનથી સર્વથા અલગ છે. ભગવાન હાથીને બચાવવા ખૂલ્લા પગે દોડી જાય છે, ઘાયલ પડેલા ગીધને ઉપાડીને ખોળામાં લે છે અને પોતાને ભક્ત કહેવડાવનારના હૃદયમાં પર-પીડાની અનુભૂતિ ન ઉભરે, તે કોઈ પણ રીતે શક્ય નથી."

અલવારોની ટોળી બનાવીને તે નીકળી પડી. પોતાની ઉદાત્ત ભાવનાથી બીજાના અંતરાલને રંગવાનું માધ્યમ બની વાણી. માત્ર વાણી જ નહી, કલમ પણ ઉપાડી- 'તિરુપ્પાર્વે' કાવ્યની રચના કરી. જેના પ્રત્યેક શબ્દમાંથી કરુણા ઝરે છે. આ કાવ્ય દ્વારા તેમણે દર્શાવ્યું કે જેને શાંતિ કહેવામાં આવે છે તે ક્રિયાશીલતાની ચરમ અવસ્થા છે. ભમરડો જ્યારે સંપૂર્ણ ગતિથી ફરે છે, ત્યારે તે શાંત અને સ્થિર દેખાય છે.

કાવેરીની આસપાસના સંપૂર્ણ વિસ્તારમાં તે ઘૂમી વળ્યાં. પોતાના અને સહયોગિઓના સંયુક્ત પ્રયત્નોથી, દરેકના હૃદયમાં સૂતેલા દિવ્ય ભાવોને જગાડવાના અને વિકસિત કરવાના પ્રયત્ન કરતી રહી. ભક્તિની

ભાષામાં દરેકને કહેતી, "ક્ષીર સાગર તમારી પોતાની અંદર છે. આ સૂતેલા શેષનાગને ઢંઢોળીને જગાડો-પછી જુઓ, તમારું પોતાનું ઘર વૈકુંઠ બની જશે." વિજયનગરનો સુવર્ણયુગ તેના અથાક પ્રયત્નોનું પરિણામ હતું. પાછળથી ત્યાંના રાજા કૃષ્ણદેવરાયે" આભુક્તભાલ્હમ્" ની રચના કરીને પોતે પોતાની શ્રદ્ધાંજલિ તેમને અર્પણ કરી.

## સંકલ્પ જાગ્યો તો નિષ્ઠુર પણ બદલાયો

શ્રદ્ધાંજલિ એમને અર્પણ કરવામાં આવે છે, જેણે પોતાના અંતરની આ દિવ્ય સંપત્તિને જીવનની છત પર ઉભરાવી હોય. જેના જીવનને જોઈને બીજાઓના મનમાં કરુણાનો પ્રવાહ કોઈ સમય વહેવા લાગે. પ્રત્યેકના જીવનમાં આવો અવસર આવતા હોય છે, ત્યાં સુધી કે નીરસ, નિષ્કરુણ, નિષ્ઠુર કહેવાતા પથ્થરોને પણ તે અવસર મળે છે જે પોતાની સમસ્ત દિશાધારાને અને જીવનક્રમને બદલવા તે તૈયાર થઈ જાય છે. એ પળ ખરેખર અદ્ભૂત હોય છે કે જ્યારે અત્યાર સુધી માથું પકડનાર વ્યક્તિ સંકલ્પ લે છે કે તે હવે ઘનિષ્ઠ ભાવપૂંજ બનશે, બીજાંઓની દિવ્યતાને જાગૃત કરવા સહાયક બનશે, સંકલ્પિત થતાં જ, હથોડીના એક જ ઘાથી પોતાની ક્રૂરતા, નિષ્ઠુરતા, પરપીડનવૃત્તિને છોડી દે છે. સતત ચાલતી આ તપશ્ચર્યા તેને ભાવોને મૂર્તિનું સ્વરૂપ આપે છે. તે અનોખું પરિવર્તન પ્રત્યેકને દેખાય છે. આશ્ચર્ય અને આનંદથી હરકોઈ ભાવવિભોર થાય છે અને કહે છે, "અરે, પીડા આપનાર હવે ઘા ઉપર મલમ લગાવવાનું કામ કરે છે. ચાલો આપણે પણ જઈને આ અનોખી કળા શીખીએ." આવીને ફૂલ ચડાવે છે, માથું નમાવે છે અને આશીર્વાદ માંગે છે. બદલામાં તે એક જ વાત કહે છે, મારી તરફ જુઓ. દરેક ક્ષણથી પોતાને બદલવાનું શરુ કરી દો.

આવી જ એક ચમત્કારી ઘડી અશોકના જીવનમાં આવી. એ વખતે તે મહાન અશોકના બદલે ચંડ અશોક હતો. કલિંગના યુદ્ધનો શિબિર આજે મળેલા વિજયનો ઉલ્લાસ પર્વ મનાવવામાં આવી રહ્યો હતો. અહંકાર અને સત્તાના મદમાં ચૂર બનેલા સૈનિક અધિકારીઓ ફરી રહ્યા

હતા. તે સમયે સમ્રાટે સેનાપતિને બોલાવ્યો. તે સમ્રાટના શિબિરમાં આવ્યો.

"સેનાપતિ ! યુદ્ધકેદીઓ કેટલા છે ?

"સિર્ફ એક !"

"એક.....! !" અશોકના આશ્ચર્યનો પાર ન રહ્યો.

"બાકી રહેલા કલિંગના કિશોરો અને વૃદ્ધોએ પણ તલવાર પકડી હતી સમ્રાટ !"

'એમણે પણ !'

'હા'

"તો તે હવે કલિંગમાં ફક્ત સ્ત્રીઓ જ બાકી રહી."

"તેઓ પણ રહી નથી."

"કેમ ?"

"અંતિમ લડાઈ અમારે એમની સાથે લડવી પડી."

"અરે !" એમ કહીને અશોક કોઈ ઊંડા ચિંતનમાં ડૂબી ગયો.

"અચ્છા ! યુદ્ધ કેદીને હાજર કરો."

"જેવી આજ્ઞા."

થોડી વાર પછી એક વૃદ્ધ, લંગડો, કરચલીવાળા ચહેરાવાળો સામે આવીને ઊભો રહ્યો.... "તો તમે છો ?"

"હા ! હું જ એક બાકી રહ્યો છું, આપના વિજયની ભેટ" વૃદ્ધના સ્વરમાં રોષ હતો. વિજયનો ઉપહાર અને તે પણ તું ?" કહીને અશોક હસવા લાગ્યો. "તો મારી વીરતાનો સામનો કલિંગવાસી ન કરી શકયા. કેમ સેનાપતિ ?" કહીને સેનાપતિ સામે જોયું.

તે ચૂપ હતો.

"વીરતા નહીં, ક્રૂરતા કહો." વૃદ્ધ બોલ્યો.

"ક્રૂરતા.....!"

"હા ! લાશોના લોભી વીર નથી હોતા. કૂતરા, ગીધ શિયાળ વગેરેના ચહેરા પર પણ લાશોને જોઈને પ્રસન્નતા છવાઈ રહે. છે. પણ એમને વીર કહેવામાં નથી આવતા.

"ચૂપ રહે !" સમ્રાટે ચીસ પાડી.

"કોણ ચૂપ રહે ?" નૃશંસ-અથવા તે જેનું રોમેરોમ પીડાથી ચીત્કાર કરી રહ્યું હોય. વૃદ્ધ ઝેરીલું હાસ્ય કરતો બોલ્યો. આપની ક્રુરતાને યુદ્ધ ભૂમિમાં જઈને જુઓ, ત્યાં મારા જેવા બીજા પણ મળશે."

"આ વૃદ્ધને અહીંથી દૂર કરો." સમ્રાટે ચિઢાઈને કહ્યું. સમ્રાટના કથનની વૃદ્ધ પર કોઈ જ અસર પડી ન હતી. તેણે જતાં જતાં કહ્યું, "સતાવાયેલાનાં કષ્ટો દૂર કરવાં, પીડિતોની પીડા દૂર કરવી તેનું નામ વીરતા છે. વીરો માટે કહેવામાં આવ્યું છે, "ક્ષત્રિયાઃ ત્યક્તજીવિતાઃ" જે બીજાને માટે પોતાના જીવનનો મોહ પણ ત્યાગી દે. જે હસતી-રમતી જિંદગી બરબાદ કરે, તે ક્રૂર છે, ઉન્માદી છે." શિબિરની બહાર લઈ જવામાં આવી રહેલા વૃદ્ધના સ્વરો અશોકના કાનોમાં હથોડાની જેમ વાગવા લાગ્યા.

રાત બેચેનીમાં વીતી. વીરતા અને ક્રૂરતાની વ્યાખ્યા તેના અંતરને કંપાવતી રહી. "તો શું તે વીરતા નથી ? વીરતા માટે કરવામાં આવેલું આ બધું ?" પ્રશ્ન શૂન્યમાં વિલીન થઈ ગયો. કોઈ જવાબ ન હતો.

સવાર પડતાં જ તેણે કહ્યું, "પેલા વૃદ્ધને બોલાવો." સૈનિક દોડી ગયો. પણ ખાલી હાથે પરત આવી માથું ઝૂકાવીને સામે ઊભો રહ્યો.

"કેમ ?"

"તે મરી ગયો, સમ્રાટ !"

"અરે !"

થોડીવાર પછી સેનાપતિ હાજર થયો. તેણે જણાવ્યું કે રાજવૈદ્યે તપાસ કરીને જાહેર કર્યું છે કે અસહ્ય માનસિક પીડાનો આઘાત સહન ન થવાથી તે મૃત્યુ પામ્યો.

"તે પણ ગયો." અશોક બબડ્યો.

સમ્રાટ પોતાના મંત્રીઓ, સૈનિકો તથા અધિકારીઓ સાથે બપોર પછી યુદ્ધભૂમિમાં હતા. ત્યાં પણ ફક્ત લાશો જ હતી. હાથી, ઘોડા, માણસો તથા સ્ત્રીઓનાં કપાયેલાં અંગો આમતેમ વિખરાયેલાં પડ્યાં હતાં. કૂતરાં, શિયાળ તથા ગીધ જેને તેને ખેંચી રહ્યાં હતાં અને ખુશ થતાં હતાં.

તેમને રહી રહીને પેલા વૃદ્ધની વાતો યાદ આવવા લાગી. કિલ્લામા પ્રવેશ કર્યો તો રાખનો ઢગલો જોવા મળ્યો. તો તેણે સ્મશાન પર વિજય મેળવ્યો છે. હવે તે શાસન કોના ઉપર ચલાવશે. લાશોના ઢગલા પર ? તેની બેચેની વધવા લાગી. સમ્રાટના અંતરાળમાં સૂતેલી આત્મચેતના અંગડાઈ લઈ રહી હતી.

તે શિબિરમાં પાછો ફર્યો. હવે તેના મનમાં આજથી સાત વર્ષ પૂર્વેના દેશ્યો ઘૂમી રહ્યાં હતાં-ભાઈઓની સાથે લડવામાં આવેલ યુદ્ધનો નરસંહાર, વિનાશ-ધ્વંસ, હસતાને રોવડાવવો, જીવતાને મારવો, મરેલાને ચગદી નાખવો-અત્યાર સુધી આજ કર્યું છે. આ હતાં અત્યાર સુધીનાં તેનાં કર્તૃત્વ; જેના આધારે તે અત્યાર સુધી પોતાની જાતને વીર કહેવડાવવાની બડાઈઓ હાંકતો હતો...... પણ હવે ......?

શિબિર ઉપડી રહી હતી. તે મગધ તરફ જઈ રહ્યો હતો. પણ મનમાં હતો પરિવર્તનનો સંકલ્પ, ક્રૂરતાને વીરતામાં બદલી નાખવાનો. પેલો વૃદ્ધ કે કલિંગના લાખો લોકોનો સંહાર તેનાથી ભૂલાતો ન હતો. પેલી રક્તની પ્રબળ ધારા, ઘાયલોનો આર્તનાદ. અંદરની બેચેની વધારે પ્રબળ બનતી હતી.

મગધ પહોંચીને તેણે આચાર્ય ઉપગુપ્તને બોલાવ્યો. આચાર્ય આવ્યા. પણ અશોકનો પહેલો પ્રશ્ન હતો વીરતા અને ક્રૂરતા શું છે ?

"ત્રાસયુક્ત લોકોને બચાવવા, તેમને સુખ પહોંચાડવા માટે પોતાની જિંદગીના મોહને પણ ત્યાગીને દોડી જવું તેનું નામ છે વીરતા અને ક્રૂરતા......" આચાર્યે સમ્રાટના ચહેરાની સામે જોયું. થોડીવાર અટકીને કહ્યું, "વસેલા ગામોને ઉજ્જડ બનાવી દેવાં, ઊભેલાં પાકમાં આગ લગાડવી, શોષણ અને ઉત્પીડનનું સામ્રાજ્ય ચલાવવું આનું નામ ક્રૂરતા છે."

કેવું સામ્ય ! પેલા વૃદ્ધ અને આ આચાર્યના કથનમાં ! અશોકે મનોમન વિચાર્યું.

"આચાર્ય ! હું વીર બની શકું ?" સમ્રાટના અવાજમાં પ્રાયશ્ચિત હતું.

"હા ! કેમ નહીં ?" આચાર્યની વાણીમાં મૃદુતા હતી.

"પણ કઈ રીતે ?" હવે વાણીમાં ઉલ્લાસ હતો.

"અંદરના દિવ્ય ભાવોને જગાડીને. તેને જીવનના ક્ષેત્રમાં, આચરણ તથા વ્યવહારમાં ઉતારીને.

"આવા ભાવો જાગે તેની ઓળખાણ શું છે ?"

"ઉદાર આત્મીયતા, પોતાપણાનો વિસ્તાર, પછી કોઈ પારકું રહેતું નથી. બીજાંઓની તકલીફો પોતાને નિષ્ક્રિય અને નવરા નહીં રહેવા દે. કદમ તે તરફ ચાલવા લાગે છે. હાથ સેવાના કાર્યમાં જોડાય છે....... એક બાજુ પણ ચિહ્ન પણ છે."

"તે શું છે ?" હવે અવાજમાં ઉત્સુકતા હતી.

પોતાના જીવનનું સ્તર સમાજના સામાન્ય નાગરિક જેવું થયું કે નહીં ? જો મનના કોઈ એક ખૂણામાં હજી સુધી વૈભવ મેળવવાની આતુરતા, મોટાઈ બતાવવાની તથા રુઆબ જમાવવાની લાલચ છૂપાઈને બેઠી હોય, તો સમજવું કે ભાવોનો સ્રોત હજુ સુધી ખુલ્યો નથી."

"ભાવનાઓનો સ્રોત ખૂલે અને અવિરત વહેતો રહે તેના માટે શું કોઈ ઉપાય નથી ?"

"છે..... કેમ નથી ?"

"શું ?"

"સ્વાધ્યાય અને સત્સંગ. યુગાવતાર ભગવાન તથાગત્ના ચિંતનનું પયપાન કરો. જેઓએ એમના ચિંતનને અનુરૂપ જીવવાનું શરૂ કર્યું હોય, તેઓનો સત્સંગ કરો. રોજ નહીં તો અઠવાડિયામાં એક વાર પણ એવા પરિવ્રાજકો આજે મોટી સંખ્યામાં તૈયાર કરવામાં આવી રહ્યા છે જેઓ ઘેર ઘેર ફરીને લોકમાનસને યુગની ભાવનાથી તરબોળ કરી રહ્યા છે. એમના મર્મને સ્પર્શીને સંવેદનાઓ જગાડો."

વાત સમજાઈ ગઈ. તેના ઉત્સાહનો કોઈ પાર ન હતો. ચંડ અશોકનાં કદમ હવે મહાન અશોકની તરફ પ્રયાણ કરવા લાગ્યાં. તેણે હવે બરોબર જાણી લીધું હતું કે કરુણાની દિવ્યતા અને મહત્ત્વાકાંક્ષાઓની મલિનતા બંને એકબીજાથી વિરોધી છે. જ્યાં એક હશે ત્યાં બીજાનું રહેવું અશક્ય છે. એકની પ્રેરણા છે કે પોતાના સામર્થ્યના એકે એક કણને જનહિત માટે વાપરો. જ્યારે બીજી એ શીખવે છે કે કઈ ચાલાકીથી

બીજાઓની જરૂરિયાતોને પણ હડપ કરી જઈ પોતાના અને પોતાના પરિવાર અને સગાંસંબંધી માટે એકત્રિત કરી શકાય.

અશોકની જાગૃત આત્મ ચેતનાએ મહત્ત્વાકાંક્ષાને ઠોકર મારીને પોતાના વ્યક્તિત્વને બહાર ખેંચી કાઢ્યું હતું. ક્રૂરતાને તોડી-મરોડીને કચરાના ઢગલામાં ફેંકી દીધી અને શાંતિ તથા સદ્‌ભાવની ભાવધારાને વહેવડાવવામાં જોડાઈ ગયા. સમગ્ર સામ્રાજ્યને પ્રેમરૂપી શીતળ જળથી સીંચવાનું શરૂ કર્યું. સામ્રાજ્યનું સંચાલન જ નહીં, વ્યક્તિગત જીવન પણ હવે પરિવર્તન પામ્યું હતું. સૌના કહેવા અને મનાઈ કરવા છતાં પોતાની જરૂરિયાતો ઘટાડી દીધી. સમાજની ગરીબ વ્યક્તિ જે રીતે જીવે, તે મુજબ જીવવાનું સમ્રાટે શરૂ કરી દીધું. ઈતિહાસના વિવરણ મુજબ હવે તેમની સંપત્તિમાં એક પીળું વસ્ત્ર તથા એક ગળણી તથા એક તુંબડું તેમનાં અભિન્ન અંગ હતા. તેમણે એક શિલાલેખમાં કહ્યું છે," હું સૌના કલ્યાણ માટે કામ કરીશ. બધાંના હિતમાં મારું હિત છે. આનાથી હું ક્યારેય વિમુખ નહીં બનું. જીવનની સફળતાના આ જ સૂત્ર છે.

આટલું કર્યા પછી તેને હમેશા એક જ લગની રહ્યા કરતી કે સદ્‌પ્રવૃત્તિઓના સંવર્ધન માટે હું શું કરું ? એક દિવસ તે ખુદ આચાર્ય ઉપગુપ્ત પાસે ગયા અને પૂછ્યું, "હવે વધારામાં હું શું કરું ?"

"સંઘના સંચાલન માટે તમારી સંપત્તિનો એક અંશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિ સુધી સદ્‌વિચારોની સરિતાનો પ્રવાહ વહેવડાવવા સમય-સદ્‌વિચારોનો આ પ્રવાહ અંતઃસ્થળના કલેશ-પાપને ધોઈને આત્મસત્તાને ઢંઢોળીને જગાડે છે."

"સંપત્તિની વાત તો ઠીક છે. હું પોતે તો વૃદ્ધ થઈ ગયો છું. મારા પુત્રને જનચેતના જગાડવા માટે હું સમર્પિત કરી દઉં તો ?"

"અત્યુત્તમ વિચાર છે."

પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાએ પિતાનું બદલાયેલું સ્વરૂપ જોયું હતું. દેવોનાં પ્રિય અશોકની સાત્ત્વિકતાએ જનકલ્યાણ માટેની એ લગનનો અનુભવ કર્યો હતો, જેની ઉર્જા તેને દિવસ-રાત ક્રિયાશીલ રાખતી હતી.

પિતાના આદર્શો પર પુત્રને ચાલવાનો અવસર મળી રહ્યો છે, એટલું

જ નહીં, તેમના કરતાં વધારે, આથી વાધારે સૌભાગ્ય શું ? પુત્ર અને પુત્રીમાં ભેદ શાનો ? ભાઈ કરી શકે તો બહેન કેમ નહીં ?

ભાઈ અને બહેન બંને તૈયાર થયાં. બંનેને સમાજ દેવતાની અર્ચના માટે સમર્પિત કરતાં અશોકની આંખમાં આંસુ હતાં. દુઃખના નહીં, ખુશીનાં. સમ્રાટે આ પ્રસંગે લોક સમુદાયને સંબોધન કરતાં કહ્યું, "પિતા વારસામાં સંતાનને કંઈક આપે છે, જિંદગીની કરેલી તમામ કમાણી તેને સોંપે છે. હું પણ મારા પુત્ર અને પુત્રીને જિંદગીની કમાણી રુપે મારા હૃદયનું દર્દ સોંપું છું. એ બેચેની સોંપું છું જેની પ્રચંડ ઊર્જા મને સદાય સક્રિય રાખે છે.

મહેન્દ્ર અને સંઘમિત્રા બંનેના મુખમાંથી એકસાથે શબ્દો સરો પડ્યાં, આવો વારસો મેળવીને અમો ધન્ય બની ગયાં."

પિતા અને સંતાનો એકબીજાથી અલગ થયાં. પણ જૂદા ક્યાં ? ભાવોના અદૃશ્ય સેતુથી જોડાયાં હતા. ઈ.સ. પૂર્વે ૨૩૨ સુધી તેઓ જીવતાં રહ્યાં. પાછલા જીવનમાં તેઓએ ખુદ પ્રવજ્યા કરી. પોતાના કર્તવ્યના માધ્યમથી બતાવી આપ્યું કે ખરી રીતે વીર અને સંવેદનશીલ જીવન એ છે કે જે બીજાઓની તકલીફોને દૂર કરવા માટે તૈયાર થાય છે અને એવું જ કરવા માટે બીજાંને પ્રેરણા આપે છે.

## સંવેદના શાંતિથી બેસવા નથી દેતી

અંદર બેઠેલા આત્મદેવની જાગૃતિ પછી કંઈક કર્યા વિના રહેવાતું નથી. સાધન અને સગવડો નથી, અમે અસહાય અને અસમર્થ છીએ, આ બધાં બહાનાં પડખું મરોડતાં જ નાસી જાય છે. ઈશુ પાસે શું હતું ? પિતા યુસુફ ગામના સામાન્ય સુથાર હતા અને માતા અશિક્ષિત હતી. પાલન પોષણ ઘેટાંની વચ્ચે થયું. તેઓ પોતે પી. એચ. ડી; ડી. લીટની ઉપાધિઓ મેળવી શક્યા નહીં. તો પછી એવું તો એમનામાં શું હતું, કે જેના કારણે તેઓ આત્મપ્રકાશના મહાન સંદેશવાહક બની ગયા ? વિતેલો યુગ તેમને ઝાંખા પાડી શક્યો નથી. તેઓ વધુને વધુ પ્રબળ બનતા જાય છે.

આ બધા અભાવો હોવા છતાંય, તેમની પાસે કરુણાની આંતરિક સંપત્તિ હતી. જેના કારણે સ્વાર્થ-શૂન્યતા, નિસ્પૃહતા અને ત્યાગ એમનાં જીવન સાથી બન્યાં. બસ, આજ એમનું સર્વસ્વ હતું, જેના બળે તેઓએ રોતાં-રીબાતાં લોકોનાં આંસુ લૂછવાનું શરૂ કર્યું. દુઃખી લોકોના ચહેરા પર ફરીથી હાસ્ય રેલાવી દીધું.

એક દિવસ તે જ્યારે સમુદ્ર કિનારે ફરી રહ્યા હતા, જોયું તો ત્યાં કેટલાંક માછીમારો પરેશાન હતા અને અંદરોઅંદર લડી-ઝઘડી રહ્યા હતા. પૂછ્યું, "શું વાત છે ? પરેશાન કેમ છો ?" ખબર પડી કે તેઓ રોટલા માટે ઝઘડતા હતા.

"અરે ! તમે બધા પોતપોતાના રોટલા એક જગ્યાએ ભેગા કરો અને પછી એક સાથે ખાવાનું શરૂ કરો." બધાંએ તેમનું કહેવું માની લીધું. રોટલાઓના ઢગલામાંથી એક એક ઉપાડીને ખાવા લાગ્યા. વચ્ચે તેઓ પ્રેમપૂર્વક સમજાવી રહ્યા હતા." પોતાની સાથે બીજાનું પણ ધ્યાન રાખવું જોઈએ. રોટલામાં ભૂખ્યાનો પણ હક છે. પેટ ભરાયા પછી તેને સંતાડીને મૂકી રાખવા પાપ છે." બધા ખાઈ રહ્યા પછી પણ બે રોટલા હજુ પણ વધ્યા હતા. બધાંને મોટું આશ્ચર્ય થયું, આ કઈ રીતે શક્ય બન્યું ?

એમને જણાવ્યું કે વ્યક્તિગત, પારિવારિક તથા સામાજિક જીવનની સમસ્યાઓનું એક જ કારણ છે-નિષ્ઠુરતા. સમાધાન એક જ છે-સરસતા. આ સિવાય સમસ્યાઓની આંધળી દોટ વધુ ને વધુ વણસતી જશે. ઉકેલવાનો કોઈ ઉપાય નથી. બધાએ એક સાથે હા કહી. આ ઈસુના પ્રથમ શિષ્યો હતા.

એમના ઉપદેશ અને ચમત્કારોની ખ્યાતી વધતી ગઈ. પ્રચાર ત્યાં સુધી થયો કે તેઓ મરેલાંને જીવતા કરે છે એવું લોકો કહેવા લાગ્યા. વાતમાં તથ્ય હતું. એમની પાસે હતો સંવેદનાઓથી છલોછલ ભરેલો અમૃત કળશ, જેને તેઓ મર્મસ્પર્શી વાણીથી સીંચીને નવીન પ્રાણોનો સંચાર કરતા હતા.

એક ધનવાન યુવકે એક વાર ઈસુને પૂછ્યું, પ્રભુ ! સ્વર્ગના રાજ્યની પ્રાપ્તિ માટે શું કરું ? તેઓ બોલ્યા- "તમારામાં પવિત્ર આત્મા ઉતર્યો

નથી. અહીંથી જઈને જીવનોપયોગી વસ્તુઓ સિવાય બાકીની સંપત્તિ વેચી દો, જે ધન મળે તે વડે લોકોનાં દુઃખ દૂર કરવામાં લાગી જાઓ. તમારી અંદર અને બહાર સ્વર્ગનું રાજ્ય પ્રગટ થઈ જશે. ધનિક યુવાન આ બધું સાંભળીને ઉદાસ થઈ ગયો તથા દુઃખી થઈને ચાલતો થયો. પોતાની અપાર સંપત્તિના મોહને તે છોડી ન શક્યો. ઈસુ હસતાં હસતાં સૌને કહેવા લાગ્યા, "સોયના નાકામાંથી ઊંટ નીકળી જાય તે શક્ય છે, પણ ધનનો સંગ્રહ કરનાર સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ કરી શકતો નથી."

એક વાર તેઓ એવા ગામમાં જઈ ચડ્યા, જ્યાંના નિવાસીઓ આતંકવાદીઓ હતા. જેમ તેમ કરીને જીવન જીવતા હતા. પૂછતાં જાણવા મળ્યું કે અહીં જેક્સ નામનો એક ક્રૂર માણસ રહે છે. તેનું કામ છે દારૂનો અડ્ડો ચલાવવાનું. ગરીબો અને મજૂરોને પહેલાં દારૂ પીવા પ્રોત્સાહિત કરે છે પાછળથી મારી-ઝૂડીને બધું વસુલ કરે છે.

દુર્વ્યસનોની લતે ચડેલા લોકો પાસે ભલા મૂડી ક્યાંથી હોય ? હોય તો પણ પૂરી થઈ જાય છે. જો આ લતે કોઈ ગરીબ ચડી જાય તો, તેના સમગ્ર કુટુંબની મોજ મઝા લૂટાઈ જાય છે. કુટુંબને ભૂખ્યું-નાગું, રોગી-બીમાર મૂકીને વ્યસનોની ગટરમાં ધન અને શારીરિક શક્તિને બરબાદ કરતો રહે છે. જેક્સ આવા લોકોને ઉધાર આપતો અને નિર્દયતાપૂર્વક વસૂલ કરતો. વળી રાજાએ તેને મહેસુલ વસુલ કરવાનું સોંપ્યું હતું. જ્યારે તે ટેક્ષ વસુલ કરવા નીકળતો, ત્યારે તો તેનું રૂપ જ બદલાઈ જતું. તે વસુલ કરવા માટે કોરડા ફટકારતો, આ જોઈને ગ્રામજનો છૂપાઈ જતા, ખેતરો અને જંગલોમાં નાસી જતા. જેઓ પકડાઈ જતાં તેમને અમાનુષી યાતનાઓ સહન કરવી પડતી.

બધી વાત સાંભળીને ઈસુએ પાસે ઊભેલા શિષ્યોની તરફ જોયું અને કહ્યું, "એક નિષ્ઠુરતા જ હજારોને બરબાદ કરી રહી છે. જો વાત એક પૂરતી હોત, તો પણ સંતોષ થાત. વ્યસનોને રવાડે ચઢેલા ધીમે ધીમે બાળકોના જીવન નરકમય બનાવી દેશે. ઉપાય ફક્ત એક જ છે કે કોઈ પણ રીત તેમાં સરસતાનો સંચાર કરવામાં આવે.

"પણ કેવી રીતે ?" શિષ્યોએ પૂછ્યું.

"હું ખુદ જેક્સના ઘેર જઈશ અને તેના અંદર સુતેલી, કરમાયેલી, મુરઝાયેલી માનવીય સંવેદનાને જગાડીશ."

"આપ !" બધા આંખો ફાડીને તેમની સામે જોવા લાગ્યા.

"હું નહીં, તો પછી કોણ....?"

કોઈની પાસે કોઈ જ જવાબ ન હતો.

જેક્સને જ્યારે ખબર પડી તો તેણે જંગલમાં જતા રહેવાનું વિચારી લીધું. તે ઈસુને મળવા માગતો ન હતો. ઈસુના ચુંબકીય વ્યક્તિત્વ વિશે તેણે ઘણું બધું સાંભળ્યું હતું. જ્યારે ઈસુ ઘેર ગયા ત્યારે જાણ્યું કે તે તો જંગલ તરફ જવા રવાના થઈ ગયો છે. ઈસુ આમ માની જાય તેમ ન હતા. તેઓ પણ પાછળ જવા રવાના થયા. તેની શોધમાં જ્યાં જેક્સ હતો ત્યાં પહોંચી ગયા. જેક્સે ઈસુને જોયા. તે ખૂબ પરેશાન હતો. આશ્ચર્ય તો ત્યારે થતું કે જ્યારે ઈસુએ ભેટીને તેને ગળે લગાડ્યો તે અર્ધ બેહોશ જેવો બની ગયો. ઈસુએ તેને ઝાડના છાંયડામાં બેસાડ્યો અને તેની ક્રૂરતાનું એવું તો કરુણાપૂર્વક વર્ણન કર્યું કે તેની નિષ્ઠુરતા ઓગળી ગઈ.

તેમણે કહ્યું, "તું થોડીક કલ્પના કરી જો, આવી રીતે તને અથવા તારા સ્વજનોને ખરાબ પરિસ્થિતિમાં ફસાવવામાં આવે તો શું થાય ?

ઈસુ સતત તેની આંખોમાં જોઈ રહ્યા હતા, જેક્સે આંખો નમાવી દીધી, થોડી ક્ષણો પછી તેણે પોતાનું મૌન તોડ્યું. બોલ્યો, "પ્રભુ ! અત્યાર સુધી હું અંધ હતો. આપે મને દૃષ્ટિ આપી. મેં આ રીતે કદીય વિચાર્યું ન હતું. આજથી તે જ કરીશ જે તમે કહેશો. મારી બધી જ કમાણી દરિદ્ર-નારાયણની સેવામાં અર્પણ કરીશ."

અદ્ભૂત ચમત્કાર ! ઝાડની પાછળ સંતાઈને ઊભેલા શિષ્યો તો ગભરાઈ જ ગયા. ઝાડની પાછળથી ઈસુની સામે આવીને આશ્ચર્યચકિત થઈ બોલ્યા, "પ્રભુ ! આ ચમત્કાર કેવી રીતે થયો ?" તેઓએ હસીને કહ્યું, "પવિત્ર આત્માના અવતરણ દ્વારા. આ બીજું કશું જ નથી; માત્ર જાગૃત ભાવ સંવેદનાઓ છે, જે કેટલાકમાં સક્રિય છે, કેટલાકમાં નિષ્ક્રિય અને સંમોહિત છે. જાગૃત આત્માઓનું કર્તવ્ય છે, તેઓ બીજાને જગાડે."

આટલું કહીને તેના ગળામાં 'ક્રોસ' પહેરાવ્યો. આનું રહસ્ય સમજાવતાં કહ્યું, "હૃદય ઉપર લટકતો 'ક્રોસ' એ બતાવે છે કે અમારું હૃદય આદર્શવાદી ભાવોથી છલોછલ ભરેલું છે. એટલું જ નહીં, અમે બધા આને માટે મરી મીટવા, ફાંસીએ ચડવા હસતા હસતા તૈયાર છીએ."

તેઓએ ખુદ આ બધું સહન કર્યું. શૂળીએ ચડ્યા. એ ઈશ્વર પુત્રે કહ્યું, "હું સ્વેચ્છાએ કષ્ટો સહન કરી રહ્યો છું, જેથી તમો જીવતા રહો. મારા જીવનની આહુતિની સફળતા ત્યારે છે જ્યારે તમે બધા તમારા હૃદયમાં પડેલી નિષ્ઠુરતાને ફેંદી દો." એમણે કહ્યું, "જે જીવનભર સ્વાર્થમાં રચ્યોપચ્યો રહેશે, તે જીવન ગૂમાવી દેશે. જે મારા માટે પોતાનું જીવન આપશે, તે તેને પરત મેળવી લેશે." પોતાના હૃદયમાં માનવતાની પીડા ભરી રાખનાર ઈસુ મર્યા નહીં, સૂક્ષ્મથી વિરાટ બની ગયા. દુનિયાની બે તૃતિયાંસ પ્રજાના હૃદયમાં ભગવાન બનીને બેસી ગયા.

આપણા હૃદયના ઊંડાણમાં પણ તેઓ બેઠેલા છે. ઉછળીને બહાર આવવા માટે ફક્ત એક જ માંગણી છે. પડોશીનું દુ:ખ દર્દ, આપણું દુ:ખ બને, સામે ઊભેલાનું દુ:ખ આપણા હૃદયને હચમચાવી મૂકે અને જો આવું થાય તો સમજવું જોઈએ કે હવે ઈશ્વર સાથે જોડાણ થવાનું છે. ભગવાન ક્યારેય પણ આવે છે તો તે બેચેની બનીને, દુ:ખ-દર્દ બનીને આવે છે. તે તો આપણી અંદર અને બહાર એકાકાર થવા માટે આતુર છે, પણ અંદર પ્રવેશ કરે કઈ રીતે ? આપણે તો "પ્રવેશ નિષેધ છે"નું પાટિયું લગાવી રાખ્યું છે. આ "પ્રવેશ નિષેધ"નું પાટિયું એટલે "નિષ્ઠુરતા." આ દૂર થતાં જ સમગ્ર જીવન સ્વર્ગીય આનંદથી ભરાઈ જાય છે.

## જ્યારે અંતરમાં જ્વાળા ભભૂકી ઊઠી ત્યારે

વર્ષોના એકત્ર થયેલા ગાઢ અંધકારને સમાપ્ત થતાં એક જ ક્ષણ લાગે છે. પણ ક્યારે ? જ્યારે દીવાસળી સળગી ઊઠે ત્યારે. જીવન અંધકાર પણ આજ ક્ષણથી દૂર થવા લાગે છે જ્યારથી સંવેદનાની જ્યોત પ્રગટે છે. શરીર અને મનની તમામ શક્તિઓ તેને વધારવામાં અને વિશાળ બનાવવામાં જોડાય છે ત્યારે વિષમતાઓ અને અવરોધો તેને

બુઝાવી શકતાં નથી. તે વધુને વધુ વ્યાપક બને છે. આથી જ તો એવા લોકો માટે કવિવર ટાગોરે લખ્યું છે -

"યદી ઝડ બાદલે, આધાર રાતે દુઆર દેવઘરે, તબે વજનલે.
આયન બુકેર પાજંર જ્વાલિએ નિએ એકલા જલોરે."

અર્થાત્ : જ્યારે પ્રકાશ ન હોય, ઝંઝાવાત અને મૂશળધાર વરસાદની અંધારી રાતે પોતાના ઘરનો દરવાજો પણ લોકોએ બંધ કરી દીધો હોય, ત્યારે એ વજ્રાનલમાં પોતાની છાતીના પીંજરાને જલાવીને એ પ્રકાશમાં એકલો ચાલતો રહે.

કર્મવીર ગાંધીજીના જીવનમાં એક દિવસ આવી જ જ્વાળા ભભૂકી ઊઠી. આમાં માન, સન્માન, મહત્ત્વાકાંક્ષા, પદ-પ્રતિષ્ઠા બધું જ બળીને ખાખ થઈ ગયું. તે સમયે તેઓ દક્ષિણ ભારતનો પ્રવાસ કરી રહ્યા હતા. આફ્રિકાથી પરત આવ્યા પછી તેઓ કર્મવીર તરીકે ખ્યાતી પામ્યા હતા. પણ હજુ સુધી મહાત્મા બન્યા ન હતા. રસ્તામાં જોયું તો એક યુવાન છોકરીએ ફાટેલી સાડીથી જેમ તેમ કરીને પોતાના શરીરને ઢાંકવા પ્રયત્ન કર્યો હતો. આને સાડીના બદલે મેલું, ફાટેલું ચિથરું કહેવું વધારે ઊચિત રહેશે. માથા ઉપર ટોપલી ઉપાડીને જઈ રહેલ આ યુવતીને બધાએ જોઈ. આ બધાની આંખમાં વિરક્તિ, ઉપેક્ષા બધું જ હતું, નહોતી માત્ર સંવેદના. ગાંધીજીની દૃષ્ટિ પણ તે તરફ ગઈ. તેમની દૃષ્ટિમાં માત્ર હતી સંવેદના, બીજું કશું જ ન હતું.

તેને પાસે બોલાવી પૂછ્યું, "અરે ! બહેન, તું આ સાડીને ધોતી કેમ નથી ? ફાટેલા ભાગને સાંધી કેમ નથી લેતી ?" આ પ્રશ્ને તેના ભૂતકાળ અને વર્તમાન તથા આર્થિક અભાવને એક સાથે ખૂલ્લા પાડી દીધા.

પડેલા ઘાને લૂછવામાં જેટલી પીડા થાય છે, તેટલી જ પીડા તેની આંખોમાં થવા લાગી. જવાબ હતો, "પહેરવા માટે મારી પાસે બીજી સાડી હોય તો ધોઉને અને સાંધવા જેવી રહી હોય તો સીવુંને !"

જવાબ સાંભળીને ગાંધીજીનો ચહેરો શરમથી શ્યામ પડી ગયો. "જનતાની આ દશા ? અને જનતાનો પોતાની જાતને સેવક કહેવડાવતો હું ધોતી ઝભ્ભામાં સજ્જ ? અરે ! એટલું જ નહીં, વધારાની એક જોડી

કપડાં પણ થેલામાં, છે. આનાથી વધારે શરમજનક વાત શું હોઈ શકે ?" પોતાના થેલામાંથી ધોતી કાઢી પેલી યુવતી તરફ લંબાવી. "લો બહેન, તારા ભાઈ તરફથી આનો સ્વીકાર કર. યુવતીએ હાથ લંબાવીને ધોતી લઈ લીધી. કૃતજ્ઞતા અને આનંદના ભાવ તેના ચહેરા પર દેખાવા લાગ્યા.

યુવતીના ગયા પછી ગાંધીજીએ પહેરેલા ધોતીયાના બે ટૂકડા કરી નાખ્યા. એક ટૂકડાની પોતડી પહેરી અને એક ટૂકડો શરીર ઉપર ઓઢ્યો. બસ તે દિવસથી આ તેઓનો કાયમી પોશાક બની ગયો. જીવ્યા ત્યાં સુધી આ જ પોશાક અપનાવ્યો. એક જ ક્ષણમાં કર્મવીર ગાંધી, મહાત્મા ગાંધી બની ગયા. શું માત્ર કપડાં બદલવાથી ? ના, અંતરંગની સંરચનામાં ફેરફાર કરવાથી.

પાસે ઊભેલા સાથી મિત્રો આ વિચિત્ર ફેરફાર જોઈ રહ્યા હતા. કેટલાકે કહ્યું, "અરે આ શું ? તમારે તો મોટા મોટા માણસોને મળવાનું હોય છે. આ વિચિત્ર પોશાકમાં તમે તેઓને કેવી રીતે મળશો ?"

"પોતે સ્યૂટ-બૂટમાં સજ્જ થઈને કૂતરાને પોતાની સાથે ગાડીમાં ફેરવનાર અને નોકરને માર મારનાર લોકોને તમે લોકો શું મોટા માણસ કહો છો ? મને તો આ તમારી નાદાનિયત પર દયા આવે છે." ગાંધીજી તીખા સ્વરે કહી રહ્યા હતા. આ તમે નથી બોલતા, તમારી અંદર રહેલી હીનતા બોલી રહી છે. લોકસેવકનો અભાવ બોલી રહ્યો છે. મોટા તે નથી, જેમનું મન સાધારણ માણસોની સમસ્યાઓ માટે વ્યાકુળ રહેતું હોય તેઓ મોટા છે. જેઓની બુદ્ધિ આ સમસ્યાઓના સમાધાન માટે નીત નવા ઉપાય શોધે છે, જેઓએ "અહિર્નિશ સેવામાટે'નું વ્રત લીધું હોય. ખોટી મોટાઈ અને સાચી મહાનતા બેમાંથી એકની જ પસંદગી થઈ શકે. બંનેની સાથે નહીં. મહાનતાની પ્રાપ્તિનો એક જ ઉપાય છે, સામાન્ય લોકોની વ્યથાને સમજવી અને તેના નિવારણ માટે કોઈ પણ જાતનું બહાનું બતાવ્યા વિના કામે લાગી જવું. સાથીઓ મોટાઈ અને મહાનતા વચ્ચેનો તફાવત સમજી ચૂક્યા હતા. ગાંધીજીએ કહ્યું "એ સામાન્ય અંગ્રેજોની વાત કરો છો ? જો મારે ઈંગ્લેંડના સમ્રાટને મળવાનું થશે, તો પણ આ જ પોશાકમાં મળીશ."

ખરેખર ઘટનાનો ઘટસ્ફોટ થયો. કેટલાંક વર્ષો પછી ખરેખર ઈંગ્લૅંડના સમ્રાટ તરફથી મળવાનું કહેણ આવ્યું. સંદેશની સાથે એવું પણ કહેવડાવ્યું કે ગાંધી ઈંગ્લૅંડ અંગ્રેજી વેશભૂષામાં આવે. વિરોધીઓએ વિચાર્યું કે અંગ્રેજી પોષાક કેવા નથી પહેરાતા. હવે તેમની મહાત્માગીરી ચાલશે નહીં.

પરંતુ ગાંધીજીનું મન એટલું જ મક્કમ હતું. એમણે ચોખ્ખા શબ્દોમાં કહેવડાવી દીધું, "મળવું છે સમ્રાટને, મારે નહીં. જો તેમને મંજૂર હોય, તો હું આ જ પોશાકમાં મળીશ, અન્યથા નહીં." ગાંધીજીના આદર્શ સામે સમ્રાટે ઝૂકી જવું પડ્યું. ગાંધીજી ત્યાં ગયા. સમ્રાટ જ્યોર્જ પાંચમાએ તેમનો આ વિચિત્ર પોશાક જોઈને પૂછ્યું, "એવી તો કઈ મોટી આફત આવી પડી કે જેથી તમારે આવાં કપડાં પહેરવાં પડ્યાં ?"

"નિષ્ઠુર માણસ જ વૈભવ અને વિલાસ ભોગવે છે -એક ભાવનાશીલ માટે આ બધું અશક્ય છે." જ્યોર્જ પાંચમા પાસે આનો કોઈ જવાબ ન હતો.

સંવેદના પછીનું બીજું પગથિયું છે, સક્રિયતા. બેચેન તો રોગી પણ હોય છે, પણ તે ખાટલામાં પડ્યો પડ્યો પગ પછાડે છે અને કણસ્યા કરે છે. પણ તેનાથી કશું બની શકતું નથી. ભાવ ચેતનાના કારણે જાગેલી બેચેની આનાથી તદ્દન ભિન્ન છે. આ બેચેની વ્યક્તિને સક્રિય બનાવવા માટે વિવશ કરે છે.

મહાત્મા ગાંધીના જીવનમાં આ જ ચેતના જાગી અને તે વિકસિત થઈ. એમને પોતાના જીવનનું ચક્ર એવું તો ફેરવ્યું કે એકસાથે અનેક કામ થઈ ગયાં. સ્વરાજ્ય, સ્વાવલંબન તથા ગ્રામ્ય સુધારણાની સાથે એક એવું પણ મહાન કાર્ય કર્યું કે તેને ઈતિહાસ ક્યારેય ભૂલશે નહીં. તે છે સમાજને લોકસેવકોની ભેટ અર્પણ કરવી. વિનોબા, નહેરુ, પટેલ, કૃપલાની જેવા સેંકડો સમાજસેવકો તૈયાર કરી દીધા. એમનું એક જ સ્વપ્ન હતુ - રામરાજ્ય લાવવાનું, જે અધૂરું પડ્યું છે. આ એવા સમાજની સ્થાપના છે જેમાં મનુષ્યની પરખ તેની ભાવચેતનાના આધારે થાય છે. ભવિષ્યમાં આવું જ બનવાનું છે. જેમાં તેનું વાસ્તવિક સ્વરૂપ ઉપસી

આવશે. તેની આજની દશા અને ભવિષ્યની દશામાં કાયાકલ્પ જેવું પરિવર્તન દરેકને જોવા મળશે. પ્રત્યેકમાં ઉદાર આત્મીયતા હિલોળા લેતી જોવા મળશે. આવી સ્થિતિમાં એક પરમાર્થ જ સાચો સ્વાર્થ સિદ્ધ થશે. પરિવર્તનના આ મહાપર્વમાં આપણે પણ બદલાઈએ. નિષ્ઠુરતાનાં જૂઠાં મહોરાં ઉતારીને ફેંકી દઈએ. સરસતા જાગતાં જ સ્વર્ગીય રાજ્ય દેખાવા લાગશે. તે સમય હવે દૂર નથી.

## સંવેદનાની દિવ્ય દૃષ્ટિ

ધરતી પર સ્વર્ગના અવતરણનો મહાકાલનો નિર્ણય છે, જે અચળ અને અટલ છે. જે થવાનું જ છે, તે થઈને જ રહેશે. અત્યારે, આપણું પણ એક જ કર્તવ્ય છે. પોતાનામાં રહેલી દિવ્ય સંવેદનાઓનું જાગરણ કરવું. આ જ એક એવો ઉપાય છે કે જેના સહારે આપણે આવનાર પરિસ્થિતિઓમાં જે રીતે કર્યું તે રીતે કરવું પડશે.

તે સમયે તેઓ વઢવાણમાં મુખ્ય એન્જિનિયર હતા. રહેણી-કરણી પણ તેમના અભ્યાસ મુજબ હતી. એક વાર એક હરિજન તેમના મકાનમાં મેલું સાફ કરવા આવ્યો. તેનું સૂકાયેલું શરીર, મરેલો ચહેરો, ફાટેલાં કપડાં વગેરે તેની ગરીબાઈ બતાવી રહ્યાં હતાં. એન્જિનિયર અમૃતલાલ ઠક્કરે તેને સલાહ આપી, "ભાઈ ! સ્વચ્છ રહો. કપડાં જરા સારાં પહેરો. પેલા હરિજને કહ્યું, "બાબુજી, હું એન્જિનિયર નથી, જેથી કોટ-પાટલૂન પહેરી શકું."

"શું મુશ્કેલી છે ?" ઠક્કર બાપાએ પૂછ્યું.

"વૈભવી દીવાલો અને ઠાઠ-માઠની ચોકીદારી ભેદીને ગરીબોનો અવાજ ત્યાં પહોંચી શકતો નથી. જો આપ અમારી સ્થિતિમાં જીવતા હોત તો અમારી સ્થિતિને સારી રીતે સમજી શકયા હોત." વૃદ્ધનાં વાકયો તીરની જેમ તેમના મર્મસ્થળને ભેદી ગયાં. ઊંડી ચોટ લાગી. આ માણસ સાચું કહે છે. કોરી વાણીએ કયારે કોઈનું કલ્યાણ કર્યું છે ? સંવેદનશીલની એક જ ઓળખાણ છે  તે જે કંઈ કહે છે તે તેના આચાર દ્વારા કહે છે. જો એવું નથી-તો સમજી લેવું કે બુદ્ધિએ

શણગારેલી વાણીનો નવો જામો પહેરી લીધો છે, જે સદાય અપ્રમાણિક રહ્યો છે અને રહેશે. ઉપદેશ આપનારે શીખનારની સાથે પોતાની અનુભૂતિ જોડવી પડે છે-એક કરવી પડે છે. પોતાપણાના અનુપાન વિના મહત્ત્વપૂર્ણ જીવનવિદ્યા ક્યારેય કોઈના ગળે ઉતરી છે ?

બસ, પછી શું થયું- આવી ગઈ પરિવર્તનની ઘડી. નાકરી છોડી દીધી. કોટ-પેન્ટને તિલાંજલી આપી દીધી; આલિશાન બંગલાને તિલાંજલી આપી અને સચેતન સંવેદના દ્વારા પોષિત પ્રબળ પ્રાણને લઈને આવી ગયા હરિજન વાસમાં. એક તૂટેલી ઝૂંપડીમાં રહેવા લાગ્યા. બધાંના ઘેર સફાઈ કરનાર હરિજનોના ઘેર તેઓ સ્વયં સફાઈ કરવા લાગ્યા. હવે તેઓ હરિજનોના હરિજન બની ગયા. તેઓ તેમને શીખવતા, જુઓ આ હાલતમાં પણ કેવી રીતે સ્વચ્છ રહી શકાય છે, સુસંસ્કૃત બની શકાય છે.

નવરાશના સમયમાં તેમનાં બાળકોને ભણાવતા. પ્રૌઢોને પુસ્તકો વાંચી જીવન ઉપયોગી વાતો કહેતા, સારી રીતે રહેવાના સાચા ઉપાય બતાવતા. શરૂઆતમાં આંશિક, પાછળથી પૂર્ણ રીતે સેવામાં રત અમૃતલાલ ઠક્કર હવે બધાંના ઠક્કર બાપા બની ગયા હતા. દુ:ખીજનો તથા પીડિતોની પીડાને નિલકંઠ બનીને પી જનાર બાપાની સંવેદનાઓનું આ અદ્‌ભૂત સ્વરૂપ જોઈને મહાત્મા ગાંધીએ એમના વિશે કહ્યું, "ઈશ્વર કરે ! હું પણ બાપા જેવી સંવેદનાઓની પૂંજી મેળવી શક્યો હોત તો મારી જાતને ભાગ્યશાળી માનત."

દેશના કોઈ ખૂણામાં પીડિત માનવોની પુકાર પડી હોય અને બાપા જેમ ભગવાન વિષ્ણુ હાથીની પીડા જોઈને ગરુડનું વાહન છોડી દોડી ગયા તેમ દોડી જતા. લોકદયાની સરિતા તેમની પાછળ પાછળ વહેતી.

સંવેદનશીલને જ સાચી દૃષ્ટિ મળે છે. બાકીના તો આંખો હોવા છતાં આંધળા જ છે. તેમને માનવતાનો તડફડાટ દેખાતો નથી. બસ, બાપા પાસે આ જ દિવ્ય દૃષ્ટિ હતી.

એક વખત બાપા જયપુરમાં હતા. જયપુર જેને ભારતનું પેરિસ કહેવામાં આવે છે. જેના વૈભવ અને સૌંદર્યનાં વખાણ કરતાં લોકો થાકતા નથી. બાપાએ જયપુર જોયું. વિલાસ અને વૈભવ ન ગમ્યો. તેઓએ

ત્યાંના ભંગીઓની નરક જેવી દશા જોઈ, જેને આજ સુધી કોઈએ જોવા પ્રયત્ન કર્યો નહોતો. એમનું રોમેરોમ આ દીન-હીન લોકોની પીડા જોઈ કંપી ઊઠ્યું. તેઓ ત્યાં જ કામે લાગી ગયા. લોક સહકાર ઊમટ્યો. ત્યાંના હરિજનોની દશા સુધારી.

કિશોરીલાલ મશરુવાળાના શબ્દોમાં "બાપાની સંવેદનાઓના આકર્ષણમાં બંધાયેલા હરિ તેમની આગળ ડોલતા હતા." બાપાના શબ્દોમાં, "મારો ભગવાન ગરીબ-દલિતોની ઝૂંપડીઓમાં રહે છે, જેનામાં હું એકાકાર બની ગયો છું. એક દિવસ બાપા દિલ્હીમાં હરિજન વાસમાં બેઠાબેઠા ભજન ગાઈ રહ્યા હતા.

હરિના જન તો મુક્તિ ન માંગે
માંગે જનમોજનમ અવતાર રે,
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ
નિરખવા નંદ કુમાર રે.....!

ત્યાં ઊભેલા વિયોગી હરિએ પૂછ્યું- "શું આપે નંદકુમારને જોયો છે ?" તેઓ ભાવવિહ્વળ થઈને બોલી ઊઠ્યા, "હા, હા, કેમ નહીં ? તેમનાં દર્શન તો મેં અનેક રૂપોમાં કર્યાં છે. આદિવાસી અને હરિજનોના ગોકુળમાં."

નંદકુમારનું દિવ્ય લોક-જગત પુનઃ ધરતી પર અવતરિત થવાની તૈયારીમાં છે. આવો ! આપણે પણ જલદીથી સંવેદનાને જાગૃત કરી, દિવ્ય દૃષ્ટિયુક્ત બનીએ. જો એવું નહીં કરી શકીએ તો જેમ આંધળાઓ ભટકે છે તેમ ભટક્યા કરીશું. ભટકવાથી બચવું હોય તો પોતાની સંવેદનાઓને રાજ્યમાં રહેવા યોગ્ય બનાવો. આ જ ક્ષણ આપણી આત્મજાગૃતિની ઘડી સાબિત થાય.

❀ ❀ ❀

❀ ❀

❀

મુદ્રક-યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા